સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

રાજ્યમેં ઠેર-ઠેર દારૂની ગંદા વહેતી હૈ !
દારૂબંધી હમા ખાકર નશે મેં રહેતી હૈ !
સહેતી હૈ સજા, સુરક્ષા - બદલી - સસ્પેંડ કી -
કહેતી હૈ દુનિયા, યે 'ગાંધી-રાજ' કી ફજેતી હૈ !

હાઈકુ

ચકલી ખોલો,
ને નિકળે વિદેશી -
છે એ વિકાસ ?!

બુટલેગર્સ -
- ની આ દારૂબંધી છે -
હમા - સંબંધી

ચિંતન

સુખાદ્યનુભવો યાવત્ તાવત્ પ્રારબ્ધમિષ્યતે ।
ફલોદયઃ ક્રિયાપૂર્વો નિષ્ક્રિયો ન હિ કુત્રચિત્ ॥

ઉપરોક્ત શ્લોક 'વિવેક ચૂડામણિ' ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

જ્યાં સુધી સુખાદિનો અનુભવ થાય ત્યાં સુધી પ્રારબ્ધની સ્થિતિ મનાય છે. કારણ કે કર્મપૂર્વક ફળ (પરિણામ) નો જન્મ હોય છે, તે કર્મ વિના ક્યાંય હોતો નથી.

માણસ સુખ-દુખ, રોગ-પીડા સંતાપો અને ઐશ્વર્ય બધું જ પોતાના આગલા જન્મોના કર્મો પ્રમાણે પ્રાપ્ત કરે છે દુઃખો કોઈ મોકલતું નથી કર્મ પ્રમાણે બુદ્ધિ સ્વભાવ મળે છે અને તેના પરિણામે જ ફળ મળે છે. કોઈ, કોઈને સુખ-દુખ દેતું નથી આપણાં કર્મોનાં ફળ જ ભોગવીએ છીએ.

સુવિચાર

- દેવ-ગુરુનો આત્માને સંપર્ક થતો તેમનાં સહવાસમાં રહેવા મળતું સદ્ભાગ્ય આત્મા માટે લાભકારી ત્યારે જ બને જ્યારે આત્મા હૃદયનાં ભાવે દેવગુરુ સાથે જોડાય - **પૂજ્ય મોટા**
- આકાશ એ તો કુદરતે પીરસેલી આંખો માટેની મીજબાની છે - **સંત રોબિન**
- મન તણી મોહિની જે ત્યાગે છે... મોક્ષ ખુદ તેની પનાહ માંગે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રતિમાનું સર્જન 'શિલા'માંથી થાય છે અને પ્રતિભામાનું સર્જન 'શિલ-શિયળ'માંથી થાય છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- દાન આપતાં હૈયું અને હાથ સાથ આપે તે સાચું દાન - **ઝેન કથન**
- જે પ્રેમથી સુધરી નથી શકતો, એ ક્યારેય નથી સુધરી શકતો - **સોક્રેટીસ**
- આજનું ઔષધ : હળદર અને સુંઠનું ચૂર્ણ મધ સાથે લેવાથી શ્વાસ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક માણસ મૃત્યુ પામ્યો. અનંતની વાટે એણે જોયું કે ઈશ્વરખુદ પોતાની સામે એક સુટકેશ લઈ આવ્યા છે. ઈશ્વર અને એ માણસ વચ્ચે સંવાદ કંઈક આવો હયો. ઈશ્વર : 'તમારે હવે અનંતની વાતે જવાનો સમય થઈ ગયો છે.' માણસ : 'આટલું જલદી ? હજી તો મારે ઘણું બધું કામ બાકી છે.' ઈશ્વર : બસ આજે તમારે જવાનું નક્કી જ છે. માણસ : પ્રભુ, આ સુટકેશમાં શું છે ? ઈશ્વર : તમારી માલિકીની વસ્તુઓ... માણસ : મારી માલિકની વસ્તુઓ ? કપડાં પૈસા વગેરે ? ઈશ્વર : એ બધું તમારું ક્યારેક નહોતું, એ તો પૃથ્વીની માલિકીની વસ્તુઓ છે. માણસ : તો પછી એમાં મારી સ્મૃતિઓ હશે ? ઈશ્વર : ના, એની માલિકી સમય પાસે છે. માણસ : તો જરૂર એમાં મારી બુદ્ધિ પ્રતિભા હોવી જોઈએ. ઈશ્વર : ના એ તો સંજોગને આધિન છે. માણસ : તો એમાં મારા સ્વજનો અને મિત્રો હોવા જોઈએ. ઈશ્વર : એ લોકો તો જે માર્ગે તમે જીવન યાત્રા કરી તેના વટેમાર્ગુઓ હતા. માણસ : તો પછી મારો દેશ હશે એમાં ? ઈશ્વર : ના એ તો માટીને હવાલે થઈ ચૂક્યો છે. માણસ : તો એમાં આત્મા હશે ? ઈશ્વર : ભૂલ છે ભાઈ તમારો આત્મા તો પરમાત્માનો અંશ છે. માણસથી રહેવાયું નહીં એટલે એણે સુટકેશ હાથમાં લઈને ખોલી નાખી. અને એમાં કંઈ જ હતું નહીં. માણસ : પ્રભુ, મારી પોતાની કોઈ વસ્તુ કદી હતી જ નહીં ? ઈશ્વર : હા, તમારી પોતાની કોઈ વસ્તુ હતી જ નહીં. માણસ : તો પછી મારું હતું શું ?? ઈશ્વર : તમારા જીવનની ક્ષણોએ ક્ષણો તું ભરપૂર જીવી ગયો. કહેવાનું તાત્પર્ય એ કે 'આજની ઘડીને રળીયામણી' બનાવી જીવન સાર્થક કરવું જોઈએ.

એર સ્ટ્રાઈક પર સામસામું રાજકારણ

તંત્રીસ્થાનેથી...

બાલાકોટના આતંકી અડ્ડા પર ભારતીય વાયુસેનાને કરેલ હુમલા પર ગરમાગરમ રાજકારણ શરૂ થઈ ગયું છે. ચૂંટણી જીતવા માટે શાસક પાર્ટીને હાથવગું અને હોઠવગું હથિયાર મળી ગયું છે. પુલવામા હુમલોનો બદલો લેવા માટે સેનાને છૂટો દોર અપાયો હતો તે સર્વવિદિત છે. કોઈ પણ પાર્ટીની સરકારે એમ જ કર્યું હોત. સેનાએ યોગ્ય સમયે અને યોગ્ય ઠેકાણે આ મિશન પાર પાડવાની હૈયાધારણ આપી હતી. તે સમય બહુ જલ્દી આવી જાય એ શાસક પાર્ટી માટે જરૂરી હતું. સેનાએ વેળાસર કાર્યવાહી કરી અને એનો સઘળો જશ વડાપ્રધાન મોદીએ આયોજનપૂર્વક અંકે કરી લીધો છે. વડાપ્રધાન પુલવામા હુમલા વખતે પોતાનો ફોટોગ્રાફીનો શોખ પોષી રહ્યા હોવાના આક્ષેપો થયા હતા. એર સ્ટ્રાઈકની રાતે આખી રાત જાગીને વડાપ્રધાને એનું સાટું વાળી લીધું. સીધા જ કન્યાકુમારી પહોંચી જઈ તમિલનાડુના વતની વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાનની પ્રશસ્તિ કરી. એથી તદ્દન ઊલટું પાક સેનાના અધિકારીઓએ જ્યારે કસ્ટડીમાં લેવાયેલ ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડરની અંગત માહિતી અંગે પૂછપરછ કરેલી ત્યારે પોતે ક્યાંના છે તે જણાવવાનો એમણે ઈનકાર કરી દીધો હતો. રાફેલ મુદ્દો રાહુલ પાસેથી છીનવાઈ મોદી પાસે આવી ગયો છે. રાફેલ વિમાનો વેળાસર ખરીદાયાં હોત તો ભારત વધુ સક્ષમ સૈન્ય સ્થિતિમાં હોત, એવી દલીલ પ્રજાને ગળે ઊતરી શકે એવી છે. પડતા પર પાટુ મારતા હોય એમ વડાપ્રધાને અમેઠી દોડી જઈ અત્યાધુનિક રાઈફલ બનાવવાની ફેક્ટરી શરૂ કરવાની જાહેરાત કરી આવ્યા. 'એ મોદી હૈ' - કહીં હું-કાર ભરી એમણે હવે પછી અમેઠી આ રાઈફલ ફેક્ટરીના નામે ઓળખાશે, નહીં કે અત્યાર સુધી અહીં આળીને ચૂંટણી લડી ગયેલા મોટા ખેરખાંઓનાં નામે - એમ કહી મોદીએ અમેઠીના મતદાતાઓને આગામી ચૂંટણી વખતે સાનમાં સમજીને રાહુલ ગાંધીને ઘરભેગા કરવાનો ઈશારો કરી દીધો. કોંગ્રેસમાં દિગ્વિજયસિંહ જેવા વિવાદાસ્પદ વિધાનો માટે જાણીતા સિનિયર નેતાઓને કોઈ નિયંત્રણમાં રાખી શકતું નથી. હવે ભાજપ સમગ્ર વિપક્ષને એક જ કૌંસમાં મૂકી પ્રહાર કરવા લાગ્યું છે. મમતાથી લઈ મહેબૂબા સુધી અને માયાવતીથી લઈ અખિલેશ અને દિગ્વિજય સિંહ કે ફારુક અબદુલ્લા સુધીના તમામ નેતાઓ એક યા બીજા મુદ્દે એર સ્ટ્રાઈક કે પુલવામા હુમલા અંગે પ્રશ્નાર્થો ઉઠાવતા રહ્યા છે તે મોદી-શાહ એન્ડ કંપની માટે ઈલેકશન મટીરિયલની ગરજ સારી રહ્યા છે. હવે રામમંદિર જેવા ધાર્મિક મુદ્દાને હાઈલાઈટ કર્યા વગર પણ બહુમતી હિંદુ મતદારોને આકર્ષી શકાય એવી સ્થિતિ સરજાઈ ચૂકી છે. સેનાના શૌર્યને રાજકીય રીતે વટાવવાનું બીભત્સ નાટક શરૂ થઈ ચૂક્યું છે. મતદાર સમૂહ તો દેશભક્તિના ઘોડાપૂરમાં તણાવા તૈયાર જ બેઠો છે. આવી વિષયમ પરિસ્થિતિમાં મોદી અને શાહે જેમને પાકિસ્તાન તરફી વલણ ધરાવતા હોવાનું પ્રમાણપત્ર બઝાડી દીધું છે તે વિપક્ષોનું મહાગઠબંધન કેવી વ્યૂહરચના અપનાવે છે તે જોવું રસપ્રદ બની રહેશે.

ગાંધી ચરિત્ર - કસ્તુરબાના ગુણોને સ્મરણમાં રાખીએ તો અજવાળું રેલાય...

અજવાળું - અજવાળું

તુષાર જોશી

"આજે આપણે સહુએ નિહાળેલું આ દૃષ્ય અદ્ભૂત છે. કદાચ ન ભૂતો ન ભવિષ્યતિ છે." સાંધ્ય સૌરભ કાર્યક્રમના સંયોજક અને કલા અનુરાગી રીટાબહેન ત્રિવેદીએ આ વાક્ય કહ્યું અને ઉપસ્થિત દર્શકોએ સ્વાભાવિક આનંદ સાથે તાળીઓથી તેને વધાવી લીધું.

સામાન્ય રીતે આપણે સહુ ગાયન અને વાદન તથા નૃત્યની કલાઓ પૈકી કોઈ બે કલાના ઉપાસકો દ્વારા થતી જુગલબંધી જોવા, સાંભળવા ટેવાયેલા છીએ, પરંતુ અહીં સિતાર વાદન રજૂ થઈ રહ્યું હતું અને એની સાથે સ્ટેજ પર ગાંધીજીને રેંટીયો કંતાઈ રહ્યો હતો. એ પછી સંગીતના સૂરોના લય અને તાલને બિલકુલ અનુરુપ થઈને.

અવસર હતો અમદાવાદમાં યોજાયેલા એક સંગીત કાર્યક્રમનો જેમાં જાણીતા સિતારવાદક ભગીરથ ભટ્ટ દ્વારા રજૂ થયેલા સિતાર વાદન સાથે પૂજ્ય મોરારિ બાપુએ શ્રવણ તો કર્યું જ પરંતુ રેંટીયો પણ જ્યાં સુધી સંગીત રજુ થયું ત્યાં સુધી કાંત્યો.

આમ સંગીત અને ગાંધી વિચારનું એક અદ્ભૂત મિલન જોવા મળ્યું હતું.

ગાંધીજીની ૧૫૦મી જયંતિ અને કસ્તુરબાની પુણ્યતિથિ તથા ગાંધીજી સ્થાપિત નવજીવન સંસ્થાના ૧૦૦ વર્ષની ઊજવણી નિમિત્તે અમદાવાદમાં મોરારિ બાપુની રામ કથા 'માનસ નવજીવન'નું આયોજન કરાયું હતું. પ્રેરક જીવન પ્રસંગોનું સ્મરણ કરાયું હતું.

મહાત્મા ગાંધીના પત્ની કસ્તુરબાનો જન્મ ૧૧ એપ્રિલ ૧૮૬૯ના રોજ પોરબંદરમાં થયો હતો. ગાંધીજી કરતાં ઉંમરમાં કસ્તુરબા ૬ મહિના મોટા હતા. માત્ર ૧૩ વર્ષની વયે એમના લગ્ન મોહનદાસ સાથે થાય હતા. ગાંધીજી શરુઆતથી જ એમના પર અંકુશ રાખવાનો પ્રયત્ન કરતાં હતા પરંતુ કસ્તુરબાએ વૈચારિક આઝાદી પોતાના જીવનમાં આચરણમાં મુકી હતી.

ગાંધીજીના ધાર્મિક અને દેશસેવાના મહાવ્રતોમાં કસ્તુરબા સતત સાથે રહ્યાં, એક જાણીતો કિસ્સો યાદ આવે છે. કસ્તુરબા આફ્રિકામાં હતાં. બિમાર પડ્યા, હોસ્પિટલના ડૉક્ટરે પ્રાણ બચાવવા માટે કહ્યું કે કસ્તુરબાને માંસનો શેરવો આપો. ગાંધીજીએ કહ્યું કે દરદી પોતે લેવા ઈચ્છે તો મને વાંધો નથી. વાત કસ્તુરબા પાસે ગઈ. કસ્તુરબા કહે કાલે મરતી હોઉં તો આજ મરું પણ મોઢામાં અભક્ષ્ય વસ્તુ નહીં નાખું. મને ધર્મ કરતાં જીવન સ્હેજ પણ વ્હાલું નથી.

૧૯૧૩માં દક્ષિણ આફ્રિકામાં કાયદો પસાર થયો જે પ્રમાણે ખ્રિસ્તી પદ્ધતિથી થયેલા લગ્ન જ ગ્રાહ્ય ગણવામાં આવ્યાં. ગાંધી બાપુએ સત્યાગ્રહનો નિર્ણય કર્યો. સત્યાગ્રહમાં કસ્તુરબા સાથે રહ્યા અને અન્ય મહિલાઓ સાથે જેલમાં પણ ગયા.

દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવ્યા બાદ કસ્તુરબાએ બાપુના પ્રત્યેક કાર્યમાં અનુભવી સૈનિકની જેમ સાથ આપ્યો. ચંપારણ્ય સત્યાગ્રહ હોય કે ખેડા સત્યાગ્રહ, કસ્તુરબા ગાંધી વિચાર સાથે જોડાવા માટે મહિલાઓને પ્રોત્સાહિત કરતાં રહ્યાં.

કથા દરમિયાન મોરારિ બાપુએ કહ્યું હતું કે રામાયણ અને શ્રીમદ્ ભગવદ ગીતા ઘરમાં રાખતા હો તો સાથે ગાંધીજીની આત્મકથા પણ રાખો. તેના પૃષ્ઠો ખોલશો તો જીવન મળશે. જે વિચારની જગતને બહુ જરૂર હતી તેવો વિચાર ગાંધી બાપુએ આપ્યો છે. તેઓએ ઉમેર્યું હતું કે ગાંધીજી પ્રાસંગિક છે. તેમને મતવા એટલે તેમણે પહેલી એવી ધોથી પહેરવી જરૂરી નથી. પરંતુ તેઓએ જે મૂલ્યો અપનાવ્યા તેને અપનાવો, ખાદીના વસ્ત્રો પહેરો, પ્રસન્ન રહો.

કથા દરમિયાન ગાંધીજીના જીવનના અનેક પ્રસંગોનો ઉલ્લેખ કરાયો હતો. જેમાં બા એટલે કે કસ્તુરબા અને ગાંધી બાપુના પ્રસન્ન દાંપત્યની એક ઘટનાનો ઉલ્લેખ થયો હતો. એક વાર સરોજિની નાયડુએ ગાંધી બાપુને પૂછ્યું હતું કે તમે જે પણ સુંદર સ્ત્રીઓના સંપર્કમાં આવ્યા તેમાં સૌથી સુંદર કોણ? ત્યારે ગાંધીજીએ જવાબ આપ્યો હતો કે એમા પુછવાનું શું હોય ? બા સૌથી સુંદર છે પછી સરોજિની નાયડુએ આ વાત કસ્તુરબાને કહી ત્યારે કસ્તુરબાએ કહ્યું કે બાપુ કદી ક્યાં ખોટું બોલે છે. આમ તેમનાં દાંપત્ય જીવનમાં પ્રસન્નતા હતી સેવા અને સમર્પણ હતું.

મોરારિ બાપુએ કયા પ્રવાહમાં કહ્યું હતું કે ગાંધી બાપુમાં વેદાંતની ષડ્ સંપદા જોવા મળે છે. તેમાંથી એક સંપદા છે વિવેક. ગાંધી વિશે ગાંધીને કેન્દ્રમાં રાખીને કોઈ પણ કાર્ય કરીએ તેમાં વિવેક અત્યંત જરૂરી છે. ગાંધીજી તરલ અને સરળ હતા. બાળક જેવા વિનોદી હતાં તેમનું સમગ્ર જીવન સંઘર્ષમય રહ્યું તેઓએ વિરોધ કર્યો ત્યારે પણ સાથે સવિનય શબ્દની ભાવનાને જોડી હતી. ગાંધી બાપુમાં સત્યનો વિચાર, સત્યનો ઉચ્ચાર; અને સત્યનો સ્વીકાર આ ત્રણે જોવા મળે છે. ગાંધીજી અને કસ્તુરબાના જીવનના અનેક પ્રસંગોનું સ્મરણ કરીને કથાના સત્સંગમાં એક અર્થમાં આ બંનેના વ્યક્તિત્વની ભાવ વંદના કરવામાં આવી હતી. આપણે પણ રોજિંદા જીવનમાં ગાંધી ચરિત્ર, ગાંધી વિચાર, કસ્તુરબાના ગુણો વગેરેને સતત સ્મરણમાં રાખીએ તો અજવાળું રેલાય...

બમ બમ ભોલે... બનારસ... શિવરાત્રી... કાશી વિશ્વનાથ...

વિચારયાત્રા

ડો. જય ઓઝા

મહાશિવરાત્રીનો પર્વ આ વખતે કાશી વિશ્વનાથના ખોળે માણવાનો અવસર સાંપડ્યો... શિવરાત્રીનો દિવસ કુંભનો અંતિમ દિવસ... શાહી સ્નાન... આટ-આટલા રૂડા અવસર પર આ પવિત્ર નગરીના સાનિધ્યનો લાભ મળ્યો....

અદ્ભૂત... અવિસ્મરણીય... અકલ્પનીય... ભગવાન શિવનો પ્રતિબળ અનુભવ કરાવતી આ નગરી... હર ઘર મંદિર ઓર હર કંકર મેં શંકરની આ જે ધાર્મિક મોક્ષદાયિની નગરી છે, તેનું તો કહેવું જ શું ? કબીર અને રવિદાસ જેવા ભક્તિ પરંપરાના રખોપા કરનારા ભક્ત કવિઓની આ નગરીમાં પ્રવેશતાવેંત જ કોઈ અદૃશ્ય શક્તિનું ખેંચાણ અનુભવાય.... ભિન્ન-ભિન્ન ૮૪ ઘાટની આ નગરી... ગંગા કિનારે વસેલું શિવમય શહેર...

વિભિન્ન ઘાટમાંથી એક ઘાટ એટલે 'દશાશ્વમેઘ ઘાટ'. બ્રહ્માએ દશ અશ્વો બલિદાન પછી અશ્વમેઘ યજ્ઞ કર્યો હતો... ભગવાન શિવનાં સ્વાગત માટે આ યજ્ઞ કરવામાં આવ્યો હતો.

ઈ.સ. ૧૭૪૮માં પેશ્વા બાલાજી બાજી રાવે અને ત્યારબાદ ઈ.સ. ૧૭૭૪માં અહલ્યાબાઈ હોલકર દ્વારા આ ઘાટ બાંધવામાં આવ્યો.

મણિકર્ણિકા ઘાટ - જ્યારે માતા સતીએ પોતાના પિતાના ગૃહમાં જ યજ્ઞમાં પ્રવેશ કરીને દેહત્યાગ કર્યો અને શિવે ત્યારબાદ સતીના શરીરને ખભે લઈને તાંડવ કરવાનું શરું કર્યું. આ નર્તનથી સમગ્ર ધરા ધ્રુજી ઊઠી... સમષ્ટિના લાભાર્થે વિષ્ણુએ સુદર્શન ચક્રથી દેવીના શરીરના ટુકડા કરી નાખ્યા, જે ૫૧ ભાગ વિભિન્ન જગ્યાઓ પર પડ્યા તે શક્તિ પીઠ તરીકે ઓળખાય છે, આ વિગતથી તો આપણે સહુ અવગત છીએ... આ શરીરના વિભિન્ન અંગોમાંથી સતીનું કર્ણમણિ સહીત અહીં આ ગંગા કિનારે પડ્યો.... ત્યાર બાદ આ સ્થાન 'મણિકર્ણિકા' તરીકે પ્રચલિત થયો.

આ ઘાટ પર ૨૪ કલાક અને ૩૬૫ દિવસ અગ્નિદાહ અપાય છે. મૃત્યુને પણ ઉત્સવરૂપે મનાવીને ઈશ્વરની દરેક પરિસ્થિતિને અપનાવવાની જે ભગવાનની સર્વોપરિતાને સ્વીકારવાની આપણી અનોખી ભાવનાને ઉજાગર કરે છે. કહે છે કે આ ઘાટ પર જીવતે જીવત સ્નાન નહીં પરંતુ મૃત્યુ પછી જ સ્નાન થાય છે.

પરંતુ આજે આપને જે વાત કરવી છે, તે શિવરાત્રી દરમિયાન અહીંના અકલ્પનીય વાતાવરણની કથા માંડવી છે. આ અત્યારે લખી રહ્યો છું, ત્યારે હમણાં જ રસ્તા પરથી ભગવાન શિવની શોભાયાત્રા કાઢતા દિગંબર સાધુઓની યાત્રા નીકળી. પાછળ વિવિધ અખાડાના સાધુઓની યાત્રાનું વિહંગમ દૃશ્ય નિહાળ્યું. ગલી ગલીઓમાંથી લોકોના 'હર હર ભોલે' 'ૐ નમઃ શિવાય' ની ધૂન સાથે ધાડે-ધાડાની હારમાળાઓ નીકળતી જોવા મળે...

આપણી રતનબોળ અને ખાડીયાની પોળ જેવું આ આખું શહેર છે. જ્યાં તમને ખૂબ જ નાની નાની ગલીઓમાં દસ દસ ડગલે એક મંદિર જોવા મળે.... આ મોક્ષદાહિની નગરીમાં એક અનોખું ચૈતન્ય તત્ત્વ આપણા આભામંડળની પ્રદક્ષિણા ફરતું હોય તેવો અનુભવ દરેક મુમુક્ષને અવશ્ય થાય છે.

જો કે કુંભનો અંતિમ દિવસ, મહાશિવરાત્રીનું પર્વ આ બધું એક સાથે ભેગું થવાના કારણે જરા - જરા અફરાતફરીનો માહોલ પણ હતો... જૂની ઢબમાં અને ઘરેડમાં બંધાયેલ આ શહેરમાં તેની ક્ષમતા કરતા ૧૦ ગણી વધુ જનમેદનીને વેંઢારવી પડી રહી છે, લોકો રાતની લાઈનમાં ઊભા રહે તો સવારે માંડ નંબર લાગે, તેવી દર્શનની લાઈનો લાગી છે. સાત-આઠ કલાકની તપશ્ચર્યા પછી જ નંબર આવે તેવી હાલત છે.

૫૦૦/- રૂપિયા પણ કોઈ જે રૂમના ન આપે તે જ રૂમ ૪૦૦૦/- આપવા છતાં પણ મળતો નથી. એક ગલી જો ભૂલ્યા તો વળી પાછા કયા ઘાટ પર નીકળશો તે કહી શકાય નહીં. આવી પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ શિવની આ નગરીએ બધાને સમાવી લીધાં છે. ખાવા-પીવાની કોઈ અગવડ નથી થઈ રહી... પ્રણામમાં વાજબી ભોજન અને અલ્પાહાર મળી રહે છે.

રબડી, કુલ્યા અને મેંદું વડા જેવી ગરમાગરમ વાનગીઓ અહીં આરોગવી એ લ્હાવો છે. બેટરી રીક્ષા અને પેડલ રીક્ષામાં બેસીને નગર દર્શન કરવાની મજા જ અનેરી છે. માત્ર કાશી વિશ્વનાથના મંદિરમાં જ શિવમયતા નહીં અપિતુ સમગ્ર વારાણસીમાં શિવમય વાતાવરણ દૃષ્ટિગોચર થાય છે.

'દુર્ગા મંદિર', 'શ્રી રામ-માનસ મંદિર' બિરલા મંદિર જેવી પવિત્ર જગ્યાઓ નગરીની પવિત્રતામાં વધુ ઉમેરો કરે છે.

બનારસ માત્ર ધાર્મિક દૃષ્ટિએ જ નહીં શૈક્ષણિક દૃષ્ટિએ પણ અનોખું સ્થાન ધરાવે છે. પંડિત મદનમોહન માલવીયા એ એશિયાની સૌ પ્રથમ વિશાળ યુનિવર્સિટીનું નિર્માણ કરીને સૌ ભારતીયો પર અનુગ્રહ કર્યો છે.

અહીંથી પંદર કિલોમીટર દૂર ભગવાન તથાગત - બુદ્ધની પવિત્ર ભૂમિ 'સારનાથ' પર તેની સ્થાપત્ય કલા અને પવિત્રતાને કારણે અદ્ભૂત છે.

પરંતુ અત્યારે આજે સમય માત્ર શિવમય બનવાનો છે. વધારે સમય પણ લઈને નથી આવ્યા. માત્ર આજના દિવસનો ભાગ બવાનો મોકો લેવા આવ્યા છીએ. ભગવાન શિવ- કાશી વિશ્વનાથના દર્શન તો ઘણી તપશ્ચર્યા અગાઉ કહ્યું તેમ... ભગવાન શિવે તેના તમામ ભક્તો માટે ગર્ભગૃહમાંથી બહાર નીકળીને સંપૂર્ણ નગરીમાં પોતાનું અસ્તિત્વ જાણે ઓગાળી નાખ્યું છે.

જ્યાં જોઈએ ત્યાં, શિવનો અનુભવ થાય, હર કંકર મેં શંકર આ નગરીને અમસ્તુ જ નહીં કહેવાયું હોય ! ચિદાનન્દ રૂપમ્ શિવોઽહમ શિવોઽહમ, ઓવર એન્ડ આઉટ ફ્રોમ વારાણસી...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

હવેના યુધ્ધો જમીન ઉપર ઓછા અને આકાશમાં વધુ લડાશે

આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

કલ્પના કરી જૂઓ કે દૂર દૂર સુધી કોઈ વનસ્પતિ, ફૂલ, પક્ષી, પશુ કે જીવન ન દેખાય તો ? પશુ, પક્ષી તો દૂરની વાત કોઈ માણસ પણ ન દેખાય ? દેખાય તો બસ માત્ર ધુળની ડમરીઓ, રાખના ઢગલા અને લોહી નિતરતી લાશો. આમંજર છે ત્રીજા વિશ્વયુધ્ધના અંજામનો. યાદ કરો વર્ષ ૧૯૧૪થી ૧૯૧૮ સુધી ચાલેલું પ્રથમ વિશ્વયુદ્ધ. જેમાં એક કરોડ સત્તર લાખ નિર્દોષ નાગરિકો માર્યા ગયા હતા. વર્ષ ૧૯૩૯થી ૧૯૪૫ સુધી ચાલેલા દ્વિતીય વિશ્વયુદ્ધમાં છ કરોડ નિર્દોષ નાગરિકોને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. આજે દક્ષિણ ચીન સમુદ્રી વિસ્તારના ડોન બનવાની હોડ ચાલી છે. હિન્દુસ્તાનથી માત્ર ત્રણ હજાર કિલોમીટર દૂર આવેલા દક્ષિણ ચીન સમુદ્રી વિસ્તારમાં ચીનનો પારો ચડતો જાય છે. અહી અમેરિકાના યુદ્ધ જહાજો કે યુએસના વિશાળ સમુદ્રી જહાજોની હાજરી ડ્રેગોન ચીન સાંખી નથી શકતું. આ વિસ્તારમાં ભુલથી પણ વિશ્વના દબંગ અમેરિકાનું કોઈ જહાજ પ્રવેશે તો ડ્રેગોન ડોળા કાઢી એને ખદેડી નાખે છે.

દુનિયાના માથે ત્રીજું વિશ્વયુદ્ધ દસ્તક દઈ રહ્યું હોય એવી આ પરિસ્થિતિ છે. ભગવાન ન કરે કે, ત્રીજું વિશ્વયુદ્ધ થાય. પણ ત્રીજુ વિશ્વયુધ્ધ થાય તો શું ? હવેના વિશ્વયુદ્ધમાં પરમાણુ બોમ્બની વર્ષા થશે. આખા રાષ્ટ્રોના રાષ્ટ્રો તબાહ થઈ જશે. માણસનું નામો નિશાન વિશ્વમાંથી સમાપ્ત થઈ જશે. શ્રૃષ્ટિનો સર્વનાશ સર્જાશે. બધુ જ ખતમ થઈ જશે અને રાખના ઢગલાઓમાં ચિત્કારો અને ચીસો પણ ઢબુરાઈ જશે. આજે વિશ્વમાં ૧૫૪૯૩ જેટલા પરમાણુ બોંબ છે. આ બોંબ મિસાઈલોની પીઠ ઉપર સવારી કરીને ૧૫૦૦૦ કિલોમીટર સુધી વાર કરી શકે છે. એમાંથી જો અડધા પરમાણુ બોંબ પણ ઉપયોગમાં લેવાય તો આખી દુનિયા જ સમાપ્ત થઈ જાય. અને જો દુનિયા જ સમાપ્ત થઈ જાય તો પછી મારૂ અને તારૂ શું ? રશિયા પાસે ૭૩૦૦, અમેરિકા પાસે ૭૧૦૦, ચીન પાસે ૨૬૦, પાકિસ્તાન પાસે ૧૨૦, ભારત પાસે ૧૧૦ પરમાણુ બોંબનો ઝકીરો છે.

હવેના યુધ્ધો જમીન ઉપર ઓછા અને આકાશમાં વધુ લડાશે. જે દેશ પાસે જેટલી વધુ મિસાઈલ અને લડાકુ વિમાનો હશે એ દેશનો દબદબો રહેશે. આમ પણ અત્યાર સુધીના લડાયેલા નાના-મોટા તમામ યુદ્ધોમાં વાયુદળની ચાવીરૂપ ભૂમિકા રહી હોવાનું નકારી ન શકાય. બીજા વિશ્વયુદ્ધ વેળા બર્મામાં ઘુસવા માગતી જેપનીઝ આર્મીને થાઈલેન્ડમાં ઈન્ડિયન એરફોર્સે ધુળ ચાટતી કરી દીધી હતી. ૧૯૭૧માં બાંગ્લાદેશ લીબરેશન વખતે પણ ઈન્ડિયન એર ફોર્સની મહત્વપૂર્ણ ભૂમિકા ભૂલાય એવી નથી.

પાંડવ અને કૌરવો કુરુક્ષેત્રના સમરાંગણમાં સામ સામે યુદ્ધ માટે તૈયાર ઊભા હતા ત્યારે પોતાના ભાંડુઓને કેમ કરીને મારું એવા વિચારથી આત્મવિશ્વાસ ગુમાવીને ઊભેલા અર્જુનને શ્રીકૃષ્ણે ભયમાંથી ઉગારતા કહ્યું હતું કે, ખોટા ખયાલો છોડી અધર્મ ઉપર ધર્મના વિજય માટે શસ્ત્રો ઊઠાવી વિજયના યશ સાથે આકાશમાં ઊંચે ઊડવાની તૈયારી કર. ભારતીય વાયુદળને પણ આજે આ સંદેશ બિલકુલ ફીટ બેસે છે. આમ પણ ઈન્ડિયન એર ફોર્સનું 'ટચ ધ સ્કાય વીથ ગ્લોરી' સુત્ર ભાગવત ગીતાનો જ અંશ છે.

હિન્દુસ્તાનના પુલવામા ઉપર જૈશ-એ-મુહમ્મદના નાપાક આતંકવાદી હુમલા સામે હિન્દુસ્તાની વાયુદળે કરેલી જવાબી કાર્યવાહીની ગુંજ પાકિસ્તાનના ખૂણે ખૂણામાં પડી છે. નાલાયકીને નસિહત ધર્મનું પાલન કહેવાય. આ લખાઈ રહ્યું છે ત્યારે યુદ્ધ જેવી સ્થિતિ છે. યુધ્ધ ક્યારેય ઈચ્છનીય નથી પણ આજની નાજુક પરિસ્થિતિમાં જો યુધ્ધ જાહેર થાય તો હિન્દુસ્તાન અને પાકિસ્તાનની આકાશી તાકાતનો મુકાબલો થશે. જો કે હિન્દુસ્તાન અને પાકિસ્તાનની લશ્કરી અને આકાશી તાકાતની તુલના જ હિન્દુસ્તાનની લશ્કરી શક્તિઓની અવહેલના કરવા બરાબર છે.

હિન્દુસ્તાન પાકની ૩૦૦૦ કિલોમીટર લાંબી સરહદી સીમા છે. રોજ રાત્રે હિન્દુસ્તાન-પાક સીમાઓ ઉપર દોઢ લાખ ફ્લડ લાઈટ્સ ઓન થઈ જતી હોય છે. નાની સરખી હિલચાલની પણ બન્ને દેશના જવાનો પાક્કી ખબર રાખતા હોય છે. હિન્દુસ્તાન પાસે ૧૭૦૦ જેટલા લડાકુ વિમાનો છે. જ્યારે પાકિસ્તાન પાસે ૯૬૦ લડાકુ વિમાનો છે. હિન્દુસ્તાન ૨૯૨ રોકેટ લોંચર ધરાવે છે જ્યારે પાક પાસે ૧૩૪ રોકેટ લોંચર છે.

દુશ્મન દેશના છક્કા છોડાવવા હવેના યુદ્ધોમાં પોતાના દેશમાં જ બેઠા બેઠા મિસાઈલ પાવરનો ભરપુર ઉપયોગ થવાનો છે. હિન્દુસ્તાનની આકાશી તાકાત અમેરિકા, રશિયા અને ચીન પછી આવતી વિશ્વમાં ચોથા ક્રમની શક્તિશાળી સેના છે. આજે હિન્દુસ્તાનના મિસાઈલ પાવરની સમસ્ત વિશ્વ બાકાયદા ઈજ્જતપૂર્વક નોંધ લે છે. હિન્દુસ્તાનના મિસાઈલ બેડામાં સૌથી ઉપર નામ આવે બ્રહ્મોસ મિસાઈલનું. નવેમ્બર તા. ૨૨, ૨૦૧૭માં બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યુ. જમીન, જળ અને આકાશ ત્રણેય જગા ઉપરથી આ મિસાઈલ સચોટ હુમલો કરી શકે છે. આ પ્રકારની સુપર સોનિક ક્રુઝ મિસાઈલ ડેવલપ કરનારા પ્રથમ દેશ તરીકે ભારતે વિશ્વને ચોંકાવી દીધુ છે. રશિયા સાથે સંયુક્ત રીતે બનાવેલી બ્રહ્મોસનું નામ ભારતની બ્રહ્મપુત્રા નદી અને રશિયાની મોસ્કોના નદીના નામ ઉપરથી આપવામાં આવ્યું છે. બ્રહ્મોસ જમીનથી માત્ર ૧૦ કિલોમીટર ઉપર ઊડીને ૨૦૦થી ૩૦૦ કિલોગ્રામ હાઈ એક્સ્પ્લોઝીવ લઈને ૩૦૦થી ૫૦૦ કિલોમીટર રેન્જમાં દુશ્મન દેશના ફુરચા ઉડાવવાની તાકાત ધરાવે છે. બ્રહ્મોસ મિસાઈલ ન્યુક્લિયર એક્સપ્લોઝન પણ વહન કરવાની ક્ષમતા ધરાવે છે. બ્રહ્મોસ રડારમાં પકડી શકાતી ન હોઈ સચોટ અને ઘાતક મિસાઈલ છે.

આ ઉપરાંત સરફેસ ટુ સરફેસ શોર્ટ રેન્જ વાર કરતી પૃથ્વી-૧ મિસાઈલ ૪૦થી ૧૫૦ કિલોમીટર સુધી ૫૦૦થી ૧૦૦૦ કિલોગ્રામ એક્સ્પ્લોઝીવ વરસાવી શકે છે. જ્યારે પૃથ્વી-૨ ૨૫૦ થી ૩૫૦ કિલોમીટર અને પૃથ્વી-૩ ૩૫૦થી ૬૦૦ કિલોમીટર રેન્જ ઉપર આગ ઓકી દુશ્મન દેશના છક્કા છોડાવી દે છે. ભારતીય નૌકા દળના ઉપયોગ માટે ૩૫૦થી ૭૫૦ કિલોમીટરની રેન્જમાં દુશ્મનો ઉપર તુટી પડતી ધનુષ મિસાઈલ ભારતના નેવી બેડાની શાન છે. ધનુષ ન્યુક્લિયલ હાઈ એક્સ્પોઝીંગ પણ વરસાવી શકે છે આની સાથો સાથ ૧૨૫૦ કિલોમીટર સુધી વાર કરતી અગ્ની-૧, ૩૦૦૦ કિલોમીટર સુધી મારક ક્ષમતાવાળા અગ્ની-૨, ૫૦૦૦ કિલોમીટર સુધી અગ્ની-૩, ૪૦૦૦ કિલોમીટર સુધી અગ્ની-૪, ૮૦૦૦ કિલોમીટર સુધી અગ્ની-૫ અને ૧૪૦૦૦ કિલોમીટર સુધી પહોંચી શકતી અગ્ની-૬ મિલાઈલો પણ ભારત પાસે છે. ન્યુક્લિઅર બોમ્બ વહન ક્ષમતાવાળી અગ્ની મિસાઈલની રેન્જમાં પાકિસ્તાન આખું આવી જાય છે. આખું ચીન પણ અગ્નીની રેંજમાં આવી જાય છે.

સાગરિકા નામની અન્ય એક ન્યુક્લિઅર કેપેબલ લોંગ રેન્જ મિસાઈલ ભારતીય શસ્ત્રાગારમાં છે. આ ઉપરાંત ૯૦૦૦ કિલોમીટર પ્રતિકલાકની રફતારથી હુમલો કરતી શૌર્ય મિસાઈલ અને સરફેસ ટુ સરફેસ ગાઈડેડ શોર્ટ રેન્જ પ્રહાર કરી શકે એવી પ્રહાર મિસાઈલ પણ હિન્દુસ્તાનના ભાથામાં છે. ૧૫૦૦ કિલોમીટર સુધી હુમલો કરી શકે એવી નિર્ભય અને થર્ડ જનરેશન એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ નાગ પણ હિન્દુસ્તાનના શસ્ત્રભંડારમાં છે. હિન્દુસ્તાન પાસે અલ્ટ્રા મોર્ડન એસ-૪૦૦ એંટી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ દુશ્મનોના લડાકુ વિમાન, મિસાઈલ, ડ્રોન હવામાં ઉડાડી નાખવા માટે સક્ષમ છે. નોંધનીય છે કે પાકિસ્તાન પાસે આ પ્રકારની સિસ્ટમ છે ખરી પણ બે દાયકા પુરાણી છે. સ્વાભાવિક રીતે જ ક્ષમતાની તુલનામાં પણ અત્યંત પછાત છે.

યુદ્ધ એ કોઈપણ સમસ્યાનું સમાધાન ન હોઈ શકે. પણ સાથે સાથે એ પણ એટલું જ સત્ય છે કે જ્યારે આસુરી માનસિકતાનો પ્રભાવ વધે ત્યારે તેને નસિહત આપવાની હિમાકત સ્વયં ભગવાને કરી છે. ભગવાન શ્રીકૃષ્ણએ ભગવત ગીતામાં કહ્યું છે કે, કેવળ ભાગ્યશાળી યોદ્ધાને જ એવું યુદ્ધ લડવાનો અવસર પ્રાપ્ત થતો હોય છે જે સ્વર્ગના દરવાજા સમાન છે.

દરેક દેશ પોતાને બીજા દેશ કરતાં વધુ સારો માને છે. આમાંથી જ દેશભક્તિ જન્મે છે અને આમાંથી જ યુદ્ધ જન્મતું હોય છે. સત્ય તો એ છે કે, જીવન એક ફુલ છે અને પ્રેમ એનું મધ છે. જ્યારે પોતાના કદથી પડછાયો અને હેસિયતથી મોટી વાતો થાય ત્યારે સમજી લેવું પડે કે સુરજનો અસ્ત થવાનો સમય આવી ગયો છે.

ધબકાર :

'દુશ્મનોને (આતંકવાદીઓને) માફ કરવાનું કામ ઈશ્વરનું છે પણ એમને ઈશ્વર પાસે મોકલવાનું કામ અમારું છે.'

- ભારતીય સુરક્ષા દળ